૭૭ ૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# ગધેડું

1600073



સંપાદન:
ગિજુભાઈ
•
તારાબેન

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૯ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગધેડું

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ-૭
૧૫૭
બાલમંદિર

☆

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની**

**મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧**

૧૯૬૫

પચાસ પૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની,
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

: મુદ્રક :
જાુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

શીદ ને વાંસે પડચા છો? ૩
દાદાની શિખામણ . . ૭
ખરેખર હું દિલગીર છું ૧૧
ના, હું તો ગાઈશ. . ૧૫
ચારે જણાં ઊભેલાં . . ૨૦
કોણ કહે માર્યા વિના ન ચાલે? ૨૬
ડોસો અને દીકરો . . ૨૯
મારો મત જુદો છે . . ૩૧

કુલ નકલ ૧૪,૫૬૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
૪૯૬૫ નકલો

બીજી આવૃત્તિ
૭ મુદ્રણો
૮૪૫૦ નકલો

સાતમું મુદ્રણ
૧૧૫૦ નકલો
૨૦ : ૩ : ૬૫

# ગધેડું

## શીદ ને વાંસે પડ્યા છો?

હા ભાઈ હા, મારું જ નામ ગધેડું ને હું જ એ ગધેડું.

શીદ ને વાંસે પડ્યા છો?

એક કુંભાર તો વાંસે પડ્યો જ છે. રોજ ભાર ભરે છે ને ડીફે ડીફે મારે છે.

પેલો ધોબી યે વાંસે પડ્યો છે. પહેલાં તો એ બળદ રાખતો, પણ હમણાં વળી મને રાખ્યો છે. ગાંસડો લૂગડાં મૂકે છે. ને બે ગાઉ ચલાવે છે.

પેલો જોગી યે વાંસે પડ્યો છે. ધૂળ ઉપડાવે, ભૂતડો ઉપડાવે, ગેરુ ઉપડાવે ને દિવસ આખો

કામ કરાવે.

આ તે કાંઈ રીત છે? જે મળે તે વાંસે જ લાગે છે? ત્યાં સુધી તો ઠીક કે આવા લોકલાઈ વાંસે લાગે છે; એ તો જાણે કે અણસમજુ. પણ આ ભણેલાગણેલા તે શીદ વાંસે લાગતા હશે? બીજાં ઢોર નથી તે મારું નામ લે? બીજાં ઢોર નથી તે મારો કાન પકડે? બીજું કામ નથી તે મારું કામ કાઢે?

વાર્તા તો કે' લંબા ગધેડાની. 'એક હતું ગધેડું ને એક હતું શિયાળ.' 'એક વાર એક ગધેડો તળાવકાંઠે ચરતો હતો.'

આ કલમ ઉપાડીને મંડ્યા લખવા. લખે નહિ એનું પોતાનું! પોતાને મૂકીને ગધેડાનું શીદ ને લખે છે? પોતે જ ક્યાં ઓછા છે, કે મોળા છે?

પાઠ લખવા તો કે' ગધેડાનો ય જોઈશે. આ લખી નાખ્યું: 'મારો મત જુદો છે.' શું ભાઈ, શું તમારો મત જુદો છે?

કવિતામાં લખવાવાળા યે ચાલી નીકળ્યા. કોયલ ખૂટી, મોર ખૂટ્યો, ગાય ખૂટી,

લોકલાઈ=ગામડિયા લોકો; લોકવરણ.

ભેંસ ખૂટી તે મારી કવિતા કરવા બેઠા! બેઠા તો બેઠા, પણ મારા પર કાંઈ હેત આવ્યું? ભાઈએ લખ્યું: 'કૂદો ખદો રાસભ મિત્ર મારા.' રાસભ એટલે ગધેડું.

ભાઈ કવિતામાં લખે છે કે 'હે મારા મિત્ર ગધેડાભાઈ! તમે કૂદો અને ખદો.' વાહ, કાંઈ સુંદર કવિતા!

એ પણ ઠીક; પણ ચિત્રકારો યે મારી વાંસે પડ્યા છે, તે એ પણ મારાં ચિત્રો કાઢે છે ને પાછા હરખાય છે. બીજા કશાનાં ચિત્ર કાઢવાનું નહિ હોય ભલા? જો મારામાં કંઈ હતું તો મારું ચિત્ર કાઢ્યું.

સાહેબ લોકો યે જાણે મારી વાંસે પડ્યા છે. આવા ડાહ્યાડમરા દેખાય છે, પણ જરા વારમાં 'યૂ ગધ્ધા ફૂલ' બોલે છે. ગધ્ધા એટલે તો ગધેડું ને ફૂલ એટલે મૂરખો ને યૂ એટલે તમે. એટલે 'તમે ગધેડા મૂરખા.' હવે આમાં હું ગધેડો મૂરખો કે તમે ગધેડા મૂરખા?

દેવોએ પણ મને નથી છોડ્યો તો! શીતળા તો કે' ગધેડા પર બેસું. શું મારી પીઠ કાંઈ રૂપાળી છે ને કાંઈ સુંવાળી છે? પણ વાંસે

પડવું જ હોય તો કોણ ના પાડતું'તું ?

આ આટલા બધા તો વાંસે પડ્યા છે. આ વળી તમે રહી ગયા હતા તે આવ્યા છો. શું કરવું છે તમારે, કહો જોઈએ ? ક્યારના બોલો છો ને જેને તેને નામ પૂછો છો, તે જોયે નથી ઓળખતા ? લખ્ખણે નથી ઓળખતા ?

બાપુ, મારું જ નામ ગધેડું ને હું જ પોતે ગધેડું. આ હું ઉકરડા પર ઊભું. તમારે મારું જે કરવું હોય તે કરો. વાંસે લાગ્યા છો તે કાંઈ છોડી દેશો ?

# દાદાની શિખામણ

ઘરડો ગધેડો મરવા પડ્યો. ગધ્ધી ડોશીને બોલાવ્યાં ને કહ્યું : "જુઓ, બાઈ! મારો કાળ આવી લાગ્યો છે. હું હવે બે ઘડીનો મે'માન છું. આપણાં બોલકાં-બોલકીઓને બોલાવો. હું તમને કેમ જીવવું ને કેમ સુખી થવું તે કહેતો જાઉં."

ગધ્ધા દાદાનો પરિવાર એકઠો થયો. દીકરાના દીકરા, ને તેની વહુઓ, ને તેનાં બચ્ચાં-કચ્ચાં દાદાની પથારી ફરતાં ફરી વળ્યાં. દાદા ઉકરડાને સાથરે પડ્યા હતા.

દિલગીર ચહેરે સૌ બેઠાં હતાં; દાદાની સામે આતુરતાથી જોઈ રહ્યાં હતાં.

દાદાએ કહ્યું : "જુઓ, બચ્ચાંઓ ! મરતાં મરતાં બે વાત કહી જાઉં છું તે કાનમાં રાખજો. ને વાત નીચે પડી ન જાય માટે કાન રોજ

ઊંચા રાખજો.

"વાત એમ છે કે ભલે લોકો આપણી પાસે ગમે તેટલું કામ કરાવે પણ આનાકાની ના કરતા. આપણે ઘોડા જેવા રૂપાળા નથી ને તેના જેટલા ઉતાવળા યે નથી; પણ ધીમે ધીમે આપણે ઘણું કામ કરીએ છીએ. આપણે તો કામ કરીને કામણ કરવાનું છે. કુંભાર આપણા પર શા માટે ચડી બેસે છે? આપણા કામથી તે રાજી થાય છે માટે.

"આપણે કામચોર ન થવું. આપણા વડવાએ એક વાર કામની ચોરી કરેલી. એ વાત તમે સૌ જાણો છો: મીઠાની ગુણવાળી. એવી ચોરી આપણને સદતી નથી માટે ન કરવી.

"વળી દીકરાઓ! આપણે કોઈ દિવસ ધરો ને એવાં લીલાં ઘાસનો શોખ ન કરવો. એની વાત પણ મેં તમને કહી છે: પેલા શિયાળ સાથે આપણા વડવા ફસાઈ ગયેલા તેની. માટે ભલો આપણો ઉકરડો ને ભલાં આપણાં રાડાં!

"વળી બેટાઓ! આપણે ગવૈયાનું કામ ભૂલેચૂકે પણ ન કરવું. એ કામ પણ આપણી જાતને નથી ફાવતું. આપણો કંઠ ભલે સુંદર

છે, પણ તેની કશી કિંમત નથી. એમ 'ના, હું તો ગાઇશ!' કહીને કદી ન ગાતા. એ બાબતમાં આપણી સાત પેઢીએ એક વડવાને કેવા માર પડ્યા હતા એની વાત તમે જાણો છો.

"ને જુઓ, મારાં વહાલાં ખોલકાંઓ! તમને હું કહી રાખું. ગામનાં છોકરાંઓ તમારી પૂંછડીએ ડબલું બાંધવા આવે ત્યારે તમે તેમને પાછલે પગે પાટુ મારજો. એ એક અદ્‌ભુત ઉપાય છે. એ આપણા બાપદાદાથી ચાલતો આવતો રામબાણ ઉપાય છે.

"ને એક વાત કહેવાની રહી જાય છે કે તમે કદી શિયાળની દોસ્તી ન કરતા. ભૂખે મરી જજો પણ એને પડખે ન ચડતા. આપણા વડવાને એણે સિંહ પાસે મરાવી નાખ્યો હતો.

"દીકરાઓ ને વહુઓ! સહુ સાંભળો. બધા કહે છે કે ગધેડાને કાળજું અને કાન બન્ને નથી. એ લોકો ખોટું કહે છે તે વાત ભૂલશો નહિ. જુઓ, હું આવડો ઘરડો થયો છું છતાં મારા કાન સાબૂત છે, અને મારે કાળજું પણ છે. જુઓ, તમારા કાન અને કાળજાંને તપાસી જુઓ.

"હવે મારી છેલ્લી સલાહ છે કે તમે 'ઇસપનીતિ' ને 'પંચતંત્ર' ને એવી એવી ચોપડીઓ વાંચશો નહિ. તેમાં આપણી નિંદા કરી છે. ગિજુભાઈ આપણા મિત્ર છે. તેણે આપણી એક ચોપડી લખી છે તે વાંચજો ને તેના કહેવા પ્રમાણે ચાલજો. તેને તમે ખોલકાંઓ! ઘણાં ગમો છો. પોતાનાં બાળકોને તેઓ ઘણી વાર ખોલકાં કહે છે."

આટલું કહેતાં ઘરડા દાદાની આંખ મિચાઈ ગઈ ને દાદા સ્વર્ગે સિધાવ્યા.

સૌએ તેમની વાત કાનમાં રાખી ને કાન ઊંચા રાખી લીધા.

## ખરેખર હું દિલગીર છું

"ખરેખર હું દિલગીર છું કે હું ગધેડો છું. માણસ હોત તો કેવું સારું થાત! એને કાંઈ છે? વૈતરું કરવું પડતું હોત તો તો બધી ખબર પડત. શેઠને ક્યાં ભાન છે કે આ બે મીઠાનાં છાલકાં તે કેમ ઊપડે? પણ એને શું? આ મજાનો ગાતો ગાતો ચાલ્યો આવે છે. કેવું ગાય છે એ તો કોણ જાણે! આના કરતાં તો ગધેડાં સારું ભૂંકે છે. હશે, હું તો મારું દુઃખ ગાઉં છું. આ રોજ એનું એ વૈતરું! ગામમાં જવું, મીઠાનાં છાલકાં ઉપાડવાં કે ઘરભણી આવવું. આમાંથી કેમ છુટાય?"

પાછળથી શેઠે પડકાર્યો: "એ જરાક તો પગ ઉપાડ? આ હમણાં સાંજ પડશે, આમ ધીમે ધીમે પગલાં ઉપાડે છે તે! છે જરા યે મનમાં ફિકર?"

ગધેડો મનમાં બડબડ્યો: "ખરેખર, હું દિલગીર છું કે હું ગધેડો છું."

રસ્તામાં નદી આવી. ઊતરતાં ઊતરતાં ગધેડો લપસ્યો. પાણીમાં જઈ પડ્યો; થોડુંક પાણી પણ પીવું પડ્યું. પણ "અરે ! આ બધો ભાર ક્યાં ગયો ? કોણ જાણે દૈવને ખબર ! ઠીક થયું કે લપસ્યા ને પડ્યા. હવે તો રોજ લપસીશ ને ભાર ઉતારીશ. ભીનો તો થઈશ, જરાક પાણી પણ પિવાશે; પણ હરકત નહિ. એ ભાવમાં મોંઘું નથી!"

ગધેડાભાઈ મલકાતા મલકાતા ચાલ્યા.

બીજો દિવસ થયો. મીઠું લઈને પાછા વળ્યા. નદી આવી. ગધેડો કહે: "હું કાંઈ બીજા ગધેડા જેવો ગધેડો નથી. પાણીમાં જ પડવા દે એટલે ભાર ભારને ઠેકાણે; ને આપણે હળવા ફૂલ!"

અને ભાઈ તો હળવેક દઈ ને ચાલાકીથી લપસ્યા; બધું મીઠું પાણી પાણી! ને બન્ને છાલકાં ખાલીખમ!

ગધેડાભાઈ તો મલકાયા. મનમાં મનમાં કહે: "કહે છે ને કે ગધેડાને અક્કલ નથી!"

શેઠ બિચારો શું કરે? ગધેડો લપસી ગયો

એમાં એનો શો વાંક?

ત્રીજો દિવસ થયો. મીઠું લઈ પાછા ફર્યા. ગધેડાને તો ફાવ્યું. હળવેક દઈને લપસ્યા ને છાલકાં ખાલીખમ!

શેઠ સમજી ગયો. તે કહે: "મારો દીકરો પહોંચેલો લાગે છે! કાલ વાત છે, બેટમજીની!"

ચોથો દિવસ થયો. શહેરમાં ગયા. શેઠ છાલકામાં મીઠું શાનું ભરે! એણે તો હળવી હળવી વાદળી ભરી; દાબીદાબીને.

ગધેડો મનમાં હરખાયો : "આજ તો અત્યારથી જ હળવો ભાર છે, ને વળી પાણીમાં પડશું એટલે સાવ ખલાસ!"

નદી આવી.

શેઠ મનમાં કહે : "હવે લપસજે, બેટા તને ય ખબર પડે! ભાઈશા'બ ચાલાકી કરવા નીકળ્યા છે!"

ત્યાં તો ગધેડો લપસ્યો. મીઠું ક્યાં હતું તે ધોવાઈ જાય? વાદળી તો પાણીથી ભરાઈ ભરાઈ ને થઈ ભારે સીસા જેવી. પછી જોઈ લ્યો ગધેડાભાઈની મજા!

ગધેડાભાઈ તો ખૂબ મૂંઝાયા. પાણીમાંથી બહાર જ નીકળાય ત્યારે ને? ઘણું બળ કરે, પણ

ભાર ક્યાં જાય?

શેઠ કહે: "કાં ભાઈ! ગયા'તા ને ચાલાકી કરવા?"

ગધેડો બિચારો શું કહે? મનમાં ને મનમાં બોલ્યો: "ખરેખર હું દિલગીર છું કે હું ગધેડો છું!"

## ના, હું તો ગાઈશ!

ઉકરડેથી ઊતર્યા ને પૂંછડી હલાવતા ચાલ્યા : "દિવસ કંઈક સારો લાગે છે. ચાલ ને ક્યાંઈક પહોંચી જઈએ? ચાલ ને જીવને રાજી કરીએ!"

પૂંછડી હલાવતા ઊપડ્યા. નાક ચડાવતા ચાલ્યા.

રસ્તે એક શિયાળ મળ્યું.

"કાં ભાઈ! ક્યાં ઊપડ્યા?"

"પણે જરા લટાર મારવા."

"ક્યાં વળી?"

"પેલું લીલું ખેતર છે ને, ત્યાં."

"તે ત્યાં જઈને શું કરીશું?"

"શું કેમ? જરા ખાઈશું, ફરશું ને મોજ કરશું. જીવને જરા સુખ આપીશું."

"તે ખેતર આપણા બાપનું કે?"

"આપણા બાપનું તો ક્યાંથી? ખેતરવાળો બિચારો કાંઈ ગધેડો છે? શિયાળ છે? એ તો પેલો રામો પટેલ છે; માણસની જાત છે. ખેતર તો એના બાપનું છે."

"ત્યારે?"

"તે આપણને અંદર જતાં તો આવડે ને? અંદર જઈને ખાઈશું ને પીશું. ખાવાપીવામાં બાપનું ન બાપનું એવું વળી ક્યાં છે?"

શિયાળ કહે: "ઠીક ભાઈ! ચાલો ત્યારે."

ચાલતાં ચાલતાં ભાઈબંધો ખેતર પાસે આવ્યા.

ફરતી એક વાડ હતી. પણ અંદર કેમ પેસાય?

ગધેડો કહે: "ઊભો રહે, લે જરા પાટુ મારું. આ જરા છીંડું પડ્યું. ચાલ જોઈએ? પેસ જોઈએ?"

શિયાળ ભાઈ અંદર ગયા. નીચે પડી ગધ્ધાભાઈ પણ અંદર પેઠા.

આ....ને મજેની ધરો; ગધેડું ને વળી ધરો મળી!

આ....ને નિરાંતે ખાધું, ખાધું, ખાધું! શિયાળભાઈ પણ ખાતા હતા. શેરડીના સાંઠાનો રસ પીતા હતા. ખેતરમાં થોડી શેરડી પણ હતી. એક તો ગધેડાભાઈ ને વળી પેટ ભરાયું. હોઈયાં કરી પેટે હાથ ફેરવ્યો. શી પડી હતી શિયાળની કે ભૂખ્યું છે કે ધરાયું છે?

ખાધું પીધું એટલે તો જાણે રાજ કર્યું. "હોઈયાં, હોઈયાં! ચાલો ને હવે એકબે ગીતો ગાઈએ, જરા લડીએ! ચાલો જરા ગાઈએ, જરા માણીએ! કેવી મજાની ધરતી છે! કેવો મજાનો પવન છે! ચાલો હવે ગાઈએ." એમ કરી મંડ્યા એ તો 'ઘેંકૂક' કરવા.

શિયાળ કહે : "એ ભાઈ! આ તેં શું માંડ્યું?"

"અરે હું તો ગાઉં છું."

"રાખ રે ભાઈ! હું હજી ભૂખ્યો છું."

"પણ તે, મારે તો હવે ગાવું છે."

"અરે મર રે મૂઆ હું હજી ભૂખ્યો છું."

"ના રે ભાઈ! હું તો હવે ગાઈશ. જો ઘેંકૂક, ઘેંકૂક."

"અરે રાખ રે રાખ! આ પેલો કાકો આવશે

તો મારી નાખશે.”

“અરે એ વળી શું કરવાનો?”

“અરે ભાઈ! રાખ, થોડી વાર રાખ?”

“ના, હું તો ગાવાનો, ગાવાનો ને ગાવાનો! ઘેંકૂક, ઘેંકૂક, ઘેંકૂક, ઘેંકૂ........ક!”

“જો મારા દીકરા વાડીમાં પેઠા છે તે!” રામો પટેલ લાકડી લઈને દેખાયો.

“રે ભાગ રે ભાગ. તારો ડોસો આવ્યો.”

“ના રે, હું તો ગાઈશ. બસ, હું તો ગાઈશ. ઘેં........કૂ........ક”

“એ ભાગજે હં, હું તો મારે આ ભાગ્યો. એ પેલો આવ્યો.”

“ના, હું તો ગાઈશ; ના, હું તો ગાઈશ! ઘેં........”

શિયાળભાઈ તો ઠેકડો મારીને ભાગ્યા ને રામા પટેલ આવી પહોંચ્યા.

“લે તારું ઘેંકૂક! લે તારું ઘેંકૂક! રોજ આવીને તું જ ખાઈ જાય છે!”

ગધેડાભાઈનું ઘેંકૂક! ‘ઘેં....એં’ થઈ ગયું, ને લાકડી લાગી તે આમ નીચા નમી ગયા!

પછી તો હાડ ઠીક ભાંગ્યાં. પણ એ તો ગધ્ધાભાઈ !

હાલ જાય, હવાલ જાય, પણ બંદાના ખ્યાલ જાય કે? એ તો પાછા એના એ; ના કહો તો યે ગાવાના !

## ચારે જણાં ઊભેલાં

ચારે જણાં ઊભેલાં; પીઠ ફેરવીને ઊભેલાં.
એકનું મોં ઊગમણું; બીજાનું આથમણું;
ત્રીજાનું ઓતરાદું ને ચોથાનું દખણાદું.

એક કહે: "ઊગમણી કોર જઈએ."
બીજું કહે: "આથમણી કોર જઈએ."
ત્રીજું કહે: "ના, ઓતરાદા જઈએ."
ચોથું કહે: "ના, દખણાદા જઈએ."

એકે તરફ ન ગયાં;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એકે કહ્યું: "હું કહું છું કે ઊગમણા જઈએ."
બીજે કહ્યું: "હું કહું છું કે આથમણા જઈએ."
ત્રીજે કહ્યું: "હું કહું છું કે ઓતરાદા જઈએ."
ચોથે કહ્યું: "હું કહું છું કે દખણાદા જઈએ."

સૌનું કહેવું પડ્યું રહ્યું;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એક કહે: "બસ, મારું કહ્યું જ માનો."
બીજું કહે: "બસ, મારું કહ્યું માનો."
ત્રીજું કહે: "ના બસ, મારું કહ્યું માનો."
ચોથું કહે: "ના બસ, મારું જ માનો."

કોઈએ કોઈનું માન્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

પહેલું કહે: "મારું કહેવું સાચું."
બીજું કહે: "મારું કહેવું સાચું."
ત્રીજું કહે: "મારું કહેવું સાચું."
ચોથું કહે: "અરે, મારું જ સાચું."

કોઈ કોઈનું સાચું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એક કહે: "ઊગમણા જ જવું પડશે."
બીજું કહે: "આથમણા જ જવું પડશે."
ત્રીજું કહે: "ઓતરાદા જ જવું પડશે."
ચોથું કહે: "દખણાદા જ જવું પડશે."

ક્યાંઈ કોઈ ગયું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

પહેલું કહે : "મારું કહેવું કરવું પડશે."
બીજું કહે : "મારું કહેવું કરવું પડશે."
ત્રીજું કહે : "મારું જ કહેવું કરવું પડશે."
ચોથું કહે : "મારું જ કહેવું કરવું પડશે."

કોઈએ કોઈનું કહેવું કર્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એટલામાં એક છોકરો આવ્યો;
હળવેક દઈને વચ્ચે ગયો.
આસ્તેક દઈને બાંધી દીધાં;
ચારે જણાંનાં ચારે પૂંછડાં—
જોર કરીને બાંધી દીધાં;
કચકચાવીને બાંધી દીધાં.

એમ ને એમ ઊભાં હતાં;
પીઠ ફેરવીને ઊભાં હતાં.

એકનું મોં આથમણું; બીજાનું ઊગમણું;
ત્રીજાનું દખણાદું ને ચોથાનું ઓતરાદું.
એક કહે : "બસ, આવો છો કે નહિ ?"

બીજું કહે : "કેમ, આવો છો કે નહિ?"
ત્રીજું કહે : "અરે, આવો છો કે નહિ?"
ચોથું કહે : "ભાઈ! આવો છો કે નહિ?"

એકે જણ ખસ્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એક કહે : "હું મારે આ ચાલ્યું."
બીજું કહે : "હું મારે આ ચાલ્યું."
ત્રીજું કહે : "હું ય મારે આ ચાલ્યું."
ચોથું કહે : "હું પણ મારે આ ચાલ્યું."

એકે જણ ચાલ્યું નહિ;
ચારે જણાં ઊભાં રહ્યાં.

એમ કરીને એક ચાલ્યું;
એમ કરીને બીજું ચાલ્યું;
એમ કરીને ત્રીજું ચાલ્યું;
એમ કરીને ચોથું ચાલ્યું.

એમ કરીને ચારે ચાલ્યાં.
એમ કરીને ચારે ચાલ્યાં.

એક જણનું ખેંચાયું;
બીજા જણનું ખેંચાયું;

ત્રીજા જણનું ખેંચાયું;
ચોથા જણનું ખેંચાયું.

ચારે જણનાં ખેંચાયાં;
ચારે જણનાં તણાયાં.

એક કહે : "કોણ ખેંચે છે?"
બીજું કહે : "કોણ ખેંચે છે?"
ત્રીજું કહે : "કોણ ખેંચે છે?"
ચોથું કહે : "કોણ ખેંચે છે?"

ચારે જણાં પૂછી રહ્યાં-
ચારે જણાં ખેંચી રહ્યાં-

એક જણની તૂટી ગઈ;
બીજા જણની તૂટી ગઈ;
ત્રીજા જણની તૂટી ગઈ;
ચોથા જણની તૂટી ગઈ.

ચારે પૂંછડી તૂટી ગઈ-
ચારે જણાંની તૂટી ગઈ-

એક ભાગ્યું ઊગમણું;
બીજું ભાગ્યું આથમણું;

ત્રીજું ભાગ્યું ઓતરાદું;
ચોથું ભાગ્યું દખણાદું.

ચારે જણાં ભાગી ગયાં;
ચારે કોર ભાગી ગયાં.

એક જણ હોંચી કરતું,
બીજું જણ ઘેંકૂક ઘેંકૂક;
ત્રીજું જણ ભોં ભોં કરતું,
ચોથું જણ ટ્રેં ટ્રેં કરતું.

ચારે જણાં ભાગી ગયાં;
ચારે દિશામાં ભાગી ગયાં.

# કોણ કહે છે,
# માર્યા વિના ન ચાલે?

બેઠો બેઠો વાંચતો હતો.

શેરીમાંથી અવાજ આવ્યો : "તડ, તડ, તડ!" "ઘેંકૂક, ઘેંકૂક, ઘેંકૂક!"

બિચારા ગધેડાને કોઈ મારતું લાગે છે! સિંહને કોણ મારે? હળવું લોહી હવાલદારનું. કુંભારે ય ગધેડાને મારવામાં શૂરો. ચાલ, જોઉં તો ખરો કોણ મારે છે?

એકાને ગધેડો જોડ્યો હતો. એકામાં રેતી ભરી હતી. રેતીના ભારે ગધેડો બેવડ વળી ગયો હતો. ગધેડો અટકી ઊભો હતો ને છોકરો ધડૂસ ધડૂસ એને ટીપતો હતો.

"ભાઈ ગધેડાને તે આટલો શીદ મારે છે? જરાક તો દયા રાખ!"

"ભાઈ! એ તો એ જ લાગનો છે. મારી મારીને મરી જાઓ પણ એકનો બે ન જ થાય."

"અરે, એવું તે કાંઈ હોય? ગધેડાને અક્કલ છે. કોઈ કોઈ માણસો યે ગધેડાં જેટલાં ડાહ્યાં હોય છે."

"પણ તમે જ કહો ને, ચાલે નહિ ત્યારે કરવું શું?"

"પણ મારથી તો અટકીને ઊભો છે. મારથી ચાલતો હોય તો અટકીને ઊભો શા માટે રહેત?"

"ખરી વાત છે ભાઈ! રોજ આની આ હોળી! કેટલી યે લાકડીઓ ભાંગી નાખી. મારી મારીને હાથ ચમચમી જાય છે, પણ ઢોરને અક્કલ છે કે મફતનો માર ન ખાઉં!"

"અક્કલ તો એને ય છે, પણ મારથી બહેરી થઈ જાય છે. મારથી તો ઊલટું માણસ પણ નઠોર થઈ જાય છે."

"પણ ભાઈશા'બ! માર્યા વિના તે કેમ ચાલે? એ કાંઈ સમજે ત્યારે ના!"

"સમજે સમજે; ન કેમ સમજે? એક વાર લાકડી નાખી દે, ને જરાક વાંસો થાબડ એટલે ચાલશે. જરાક રેતી હળવી કર; જરાક બિચા-

રાને ભૂખ લાગી હોય તો ખાવાનું ખડ આપ. જોજે, એ પછી ચાલે છે કે નહિ ?"

છોકરે ગધેડાને ખડ નાખ્યું; બે સૂંડલા રેતી કાઢી નાખી; જરાક થાબડ્યો, ને ગધેડો આ.... મજાનો ચાલ્યો.

હું ઘેર આવ્યો. મને થયું કે ચાલ ને બધાને આ વાત કહું કે ગધેડાને થાબડ્યો એટલે ચાલ્યો, ને માર્યો એટલે અટક્યો.

કોણ કહે છે કે માર્યા વિના ન ચાલે ?

## ડોસો અને દીકરો

એક હતો ડોસો અને એક હતો દીકરો. બાપદીકરો પરગામ ગધેડું વેચવા ચાલ્યા. આગળ બાપદીકરો ચાલ્યા જાય છે ને પાછળ ગધેડું દોરાયું આવે છે.

રસ્તે માણસો મળ્યા. તે કહે : " અરે રામ ! આ બાપદીકરા જેવા કોઈ જોયા છે ? નાહકનું ગધેડું ચાલ્યું આવે છે ને બાપદીકરો પગ તોડે છે."

બાપે દીકરાને ગધેડા ઉપર બેસાડ્યો ને પોતે ગધેડું દોરી આગળ ચાલ્યો.

બે બાઈઓ મળી. બાઈઓ કહે : " અરે રામ ! આ કળજુગ ભાળ્યો ? પાંસઠ વર્ષનો બાપ ચાલ્યો આવે છે ને દીકરો શાહજાદો ગધેડે બેઠો આવે છે ! "

દીકરો હેઠો ઊતર્યો ને બાપ ગધેડા ઉપર બેઠો. ત્યાં બે બૂઢિયાં મળ્યાં. ગધેડા ઉપર બેઠેલા બુઢ્ઢાને જોઈને કહે : "એલા તારા ધોળામાં ધૂળ પડી! લાજતો નથી, આ છોકરો ચાલ્યો આવે છે, ને તું ખાસો ગધેડે ચડીને બેઠો છે તે?"

ડોસો શરમાઈ ગયો ને દીકરાને પોતાની આગળ બેસાડ્યો. જરાક દૂર જાય ત્યાં બાઈઓનું એક ટોળું મળ્યું, તે કહે : "અરે, છે આ બાપદીકરાને દયા? આ રૂપાળા ગધેડા ઉપર બેઠા આવે છે! એને કાંઈ વાચા છે તે બોલે? બિચારો ભારથી ભોંયે અડ્યો છે!

બાપદીકરો ગધેડા પરથી ઊતરી પડ્યા.

દીકરો કહે : "બાપા! હવે આપણે શું કરીશું?"

ડોસો કહે : "ચાલો ત્યારે આપણે જ ગધેડાને ઉપાડીએ."

બાપદીકરાએ વળીએ બાંધીને ગધેડાને ઉપાડ્યો. પુલ ઉપરથી જતાં ગધેડાએ તોફાન કર્યું ને બાંધેલ દોરીઓ તૂટી ગઈ. ગધેડાભાઈ પાણીમાં, ને રામ બોલો ભાઈ રામ!

# મારો મત જુદો છે.

કોણ જાણે કેમ, મારો મત જુદો છે. શું, લાંબા કાન છે માટે? શું, મોટા કાન છે માટે? શું, ભાર વહે છે માટે? શું, આળોટે છે માટે? શું, ભૂંકે છે માટે?

લોકો એને મૂરખો કહે છે. એમાં મૂર્ખાઈ ક્યાં છે?

ઘોડાના કાન લાંબા છે.

બગલાનો વાન ધોળો છે.

બળદ ભાર વહે છે.

ઘોડો ય આળોટે છે.

કૂતરું ય આળોટે છે.

ભૂંકે નહિ તો શું કરે? ઘોડો હણહણે, ગાય ભાંભરે, ભેંશ રણકે ને ગધેડું ભૂંકે; એમાં નવાઈ શી? એમાં બિચારો મૂરખો શાનો?

કોણ કહે છે કે એ મૂરખો છે ?
કુંભાર કહે છે કે એ મૂરખો છે ?
ધોબી કહે છે કે એ મૂરખો છે ?

ત્યારે બીજાને શી ખબર પડે ? એક તો બિચારો બોલે નહિ, ખડ-ચંદી માગે નહિ, દિવસ આખો ઢસરડા કરે, રાત બધી ગાયા કરે, ને તો યે બિચારો મૂરખો !

આ તે કાંઈ રીત કહેવાય ? આ તે કાંઈ ન્યાય કહેવાય !

ભલે બધા માને નહિ; મારો મત જુદો છે.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ … … | સેટના … | ૯-૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ … … | ,, … | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) … | ,, … | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) … | ,, … | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, … | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, … | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી … ૪-૫૦ | ભગવાન બુદ્ધ … (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) … | સેટના … | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) … | ,, … | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, … | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ … ૩-૦૦ | પાતાળ પ્રવેશ … ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૪-૫૦ | ખજાનાની શોધમાં ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ…લે૦ ધીરજલાલ ગજ્જર … | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ…લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) … | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦…લે૦ શંકર શાહ … | ,, | ૧૩-૫૦ |
| સાહસકથાઓ ( ૩૧ પુસ્તકો ) … … | ,, | ૭૧-૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ